ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૧૧-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### નવી સરકારની આવકારદાયક પહેલ

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એમના પુરોગામી મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનાં અધૂરા સપનાં પૂરા કરી ગુજરાતને રાષ્ટ્રના નકશામાં નંબર-વન પર ચમકતું રાખવાની દિશામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ બાબતે કેટલાક ક્રાંતિકારી નિર્ણયો કર્યા છે, જે આવકારવાલાયક છે. ખાસ તો એમને ફરજિયાત શૌચાલય અને ફરજિયાત મતદાન ઉપરાંત પચાસ ટકા મહિલા અનામતનો નિર્ણય કર્યો છે, તે ઘણી જ હિંમતપૂર્વક કરેલી પહેલ છે. ફરજિયાત મતદાન આદર્શ બાબત ગણાવી જોઇએ, પરંતુ આવડી મોટી લોકશાહીમાં એનો સંપૂર્ણ અમલ અશક્યવત જ ગણાય. આજ સુધી ચૂંટણી પંચ નેવું ટકાથી ઉપર જતા મતદાનને શંકાની નજરે જોતું આવ્યું છે. ભારે મતદાન થાય એટલે સૌથી પહેલી 'બોગસ મતદાન'ની જ શંકા જાગે. ઉત્સાહી કાર્યકરો એમના વગ વાળા વિસ્તારોમાં પ્રિસાઇડિંગ ઓફિસરને વિશ્વાસમાં લઇ મરી ગયેલાં મતદારોના નામે પણ મતદાન કરાવી દેતા હોય છે. વળી બહારગામ રહેતા મતદારોના મત પણ નંખાવી દેવાતા હોવાની વાત સર્વવિદિત છે. ફોટો-આઇટી સાથેના મતદારાને જ મતદાન કરવા દેવાનો કડક કાયદો અંતરિયાળ ગ્રામવિસ્તારોમાં પાળવો-પળાવવો એ ઘણી અઘરી બાબત બની રહે છે. એ સંજોગોમાં આનંદીબેનનો ફરજિયાત મતદાનનો ફતવો કદાચ અમલી પણ બનશે તો એમાં ઘણાં છિદ્રો રહી જવાની સંભાવના નકારી શકાય એમ નથી. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહમદ પટેલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ફરજિયાત મતદાનના કાયદાનો હળવો વિરોધ કર્યો. એમણે ટ્વિટ કરીને ટીકા કરી છે કે મતદારને પ્રોત્સાહન મળે તે સારી વાત છે પણ આ કાયદામાં વિગતો અધૂરી છે, અને તેમાં ફરજિયાત મતદાનની પ્રક્રિયા અને દંડ અંગે ચુપકીદી રખાઇ છે. પૂર્વ રાજયપાલ ડો. કમલા બેનીવાલે રાજય સરકારના આ સુધારા પર મંજુરીની મહોર મારવાનો ઇનકાર કરી દીધો હતો. વર્તમાન રાજયપાલશ્રી કોહલી મૂળ ભાજપ ગોત્રના જ હોઇ આનંદીબેનને એમના પૂર્વસૂરિ નરેન્દ્રભાઇ મોદી જેવી વિસામણભરી સ્થિતિનો સામનો નથી કરવો પડયો. શૌચાલય વિશેનું મુખ્ય મંત્રીશ્રીનું ચિંતન ઘણું જ ક્રાંતિકારી છે અને જેના ઘરમાં શૌચાલય ન હોય એવા નાગરિકને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ - અર્થાત્ ગ્રામ પંચાયતથી લઇ મ્યુનિસિપલ કોર્પોરેશન સુધીની ચૂંટણીઓમાં ઉમેદવારી કરવાની તક નહીં અપાય - એ મુદ્દો પણ એક રીતે આવકારદાયક ગણાય. શૌચાલય બાબતે સાવ જ રેઢિયાળ વલણ ધરાવતા ગ્રામજનોમાં સરકારના આ નવા કાયદાથી સેનિટેશન સંદર્ભે જાગૃતિ ફેલાશે. પરંતુ સાથે એ બાબત પણ વિચારવી જ રહી કે ગુજરાતના ગ્રામ વિસ્તારોમાં લાખો પરિવારો શૌચાલયની સુવિધાથી વંચિત હોય ત્યારે એમને આ જ કારણસર ઉમેદવારી કરતાં અટકાવવા એ એમના નાગરિક અધિકારોનું હનન ગણાશે. કોંગ્રેસના યુવાન ધારાસભ્ય પરેશ ધાનાણીએ આ મુદ્દે સરકારી ફતવાનો વિરોધ પણ કર્યો છે. કદાચ આ જ મુદ્દે કોઇ કોર્ટમાં જાહેર હિતી અરજી પણ કરશે. સરકારની દાનત સારી છે, એમાં શંકાને સ્થાન નથી. ઘેર ઘેર શૌચાલય હોય તે આદર્શ સ્થિતિ છે, જે હાંસલ કરવા માટે સરકારે પ્રજામાં લોકશિક્ષણ ફેલાવી, જયાં જરૂર પડે ત્યાં આર્થિક મદદ પહોંચાડી આ ટાર્ગેટ પૂરું કરવું જોઇએ. આ લક્ષ્યાંક નિયત સમય મર્યાદામાં પૂરું કરી તમામ નાગરિકોને એમના વાજબી અધિકારો ભોગવવાની સુવિધા કરી આપવી તે સરકારની પવિત્ર ફરજ છે. ધાકધમકી કે દબાણથી કોઇ લક્ષ્યાંક સિદ્ધ થઇ શકે ખરો, પરંતુ સરકાર લોકશાહી ઢબે ચૂંટાયેલી છે, એથી મતદારો સાથે પૂરા આદરમાન સાથે વર્તે તેવી સ્વાભાવિક અપેક્ષા રહેશે. ભય વિના પ્રીતિ નથી - એવા ચાણકયસૂત્રનો અમલ કયારેક મતદાનમાં સરકારની વિરૂદ્ધ પણ જઇ શકે. આનંદીબેન જેવા પ્રગલ્ભ રાજનેતાને આ બાબતનો પણ ખ્યાલ હોય જ. એ દિશામાં સરકાર પ્રયત્નશીલ પણ છે.

# શિક્ષક સંઘ મહામંડળના કારોબારી સભ્યો ત્રિદિવસીય ગુણોત્સવમાં સહભાગી થશે

ગાંધીનગર, તા.૧૧

રાજયમાં આગામી ૨૦મીથી પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવની કામગીરી હાથ ધરવામાં આવશે. ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના પ્રમુખ પંકજ પટેલે જણાવ્યું છે કે સમગ્ર રાજયમાં તા. ૨૦, ૨૧, અને ૨૨ દરમિયાન પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેને લઈને આજે મહામંડળ અને જિલ્લાના શિક્ષણાધિકારી વચ્ચે બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાના દરેક કારોબારી સભ્યો ગુણોત્સવની કામગીરી સંભાળશે.

રાજયમાં સરકારી શાળાઓનું શિક્ષણ કથળતું જાય છે તેને લઈને સરકાર દ્વારા ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવે છે. રાજયની પ્રાથમિક શાળાઓમાં ૩૦ ટકાથી ઓછી હાજરી હોવી તેમજ શાળાના બાળકોનું ભણતર કેવું છે સહિતની ચર્ચા કરવામાં આવતી હોય છે. ૩૦ ટકાથી ઓછી ટકાવારી વાળી શાળાઓમાં સંખ્યા વધારવા શુંશું કરવું જોઈએ તે હેતુથી ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવે છે.

આગામી તા. ૨૦, ૨૧, અને ૨૨ના રોજ સમગ્ર રાજયમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં શિક્ષકોની જરુરિયાત હોવાથી આજે દરેક જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારી અને મહામંડળ વચ્ચે બેઠક યોજવામાં આવી હતી ત્યારે આ સમગ્ર કાર્યક્રમમાં રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘની જુદા જુદા જિલ્લાની કારોબારીના સભ્યો પોતાની નજીકની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ પ્રક્રિયામાં હાથ બટાવશે. રાજયમાં ૧૦૦૦થી વધુ પ્રતિનિધિઓની માહિતી યાદી મોકલી આપવામાં આવી છે.



પીટી ઉષા અમદાવાદ સીએન વિદ્યાલયમાં પહોંચતા વિદ્યાર્થીઓ અને ચાહકો ભારે ઉત્સાહિત દેખાયા હતા.

## આબુ ટ્રેકિંગ કેમ્પમાં જોડાયા

ગાંધીનગર, તા.૧૧

સે-૨૩માં આવેલ જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ આબુમાં યોજાયેલ ટ્રેકિંગ કેમ્પમાં ભાગ લીધો હતો. ત્રણ દિવસીય કેમ્પમાં ૩૨ વિદ્યાર્થીઓ, આચાર્ય અને ત્રણ શિક્ષકો જોડાયા હતા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આબુની વનરાજીને મનભરીને માણી હતી તેમજ ડબલરોપ, જીપ લાઈન, પક્ષીઓ અને વનસ્પતિનો અભ્યાસ કર્યો હતો.

## રાષ્ટ્રીય કાનુન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

નારી સંરક્ષણ ગૃહ માતૃછાયા ખાતે રાષ્ટ્રીય કાનુન દિવસ અંતર્ગત ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા કાનુની શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં લીગલ વોલન્ટિયર્સ શ્રી રસીલાબેન વાઘવાણી અને શ્રીમતી ભારતીબેન ભાવસાર દ્વારા કાયદાની સમજ, લોક અદાલતનું મહત્વ અને ફાયદાઓ તથા સમયને નાણાં બાબતે તથા કાયદાકીય શું અને કયારે કાર્યવાહી કરી શકાય તેની વિગતવાર માહિતી નારી ગૃહની બહેનોને આપવામાં આવી. આ પ્રસંગે નારી ગૃહના શ્રીમતી શર્મિષ્ઠાબેન દવે તથા શ્રી સરોજબેન દેસાઈ અને સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## હરિની દૃષ્ટિ...




ના... હેપ્પી ન્યૂયર સાચુ, પણ સ્વીટ બિલકુલ નહીં...!! મમ્મીએ પપ્પાને તો સ્વીટ ક્યારની બંધ કરાવી છે... હવે મને પણ મનાઇ છે...! કહે છે અમદાવાદમાં ૩૬ ટકા લોકોને ડાયાબીટીસ છે !!

## ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓ દિલ્હીમાં છવાઈ

ગાંધીનગર, તા.૧૧

નવી દિલ્હીના આર્મી પરેડ ગ્રાઉન્ડ ખાતે એન.સી.સી. નેશનલ ગેમ્સ ૨૦૧૪ યોજાઈ હતી. સે-૭ ચૌધરી કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

સે-૭ની ચૌધરી કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓએ ગત ૭ ઓકટોબરથી ૧૭ ઓકટોબર દરમિયાન દિલ્હીમાં યોજાયેલ એન.સી.સી. નેશનલ ગેમ્સ ૨૦૧૪ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રમીલા શાહુએ ૧૦૦ મી. દોડ અને લાંબી કુદમાં નવમું સ્થાન મેળવ્યું હતું તેમજ હંસા ચૌધરીએ ઉંચી કૂદમાં અને જયોત્સના ચૌધરીએ લાંબી કૂદમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. સાથે સાથે રમીલા શાહુની ૪૨ની સંખ્યામાં સિનિયર તરીકે પસંદગી કરવામાં આવી છે. ત્રણે વિદ્યાર્થીનીઓએ શાનદાર દેખાવ કરતા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## ચૌધરી કોલેજમાં રાષ્ટ્રીય એકતા દિવસ મનાવાયો

ગાંધીનગર, તા. ૧૧

સેકટર-૭ માં આવેલ ચૌધરી કોલેજમાં સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સેકટર-૭ માં આવેલ ચૌધરી સંકુલની પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં સરદાર પટેલની જન્મજયંતિ મનાવવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ શપથ લીધા હતા. તેમજ રાષ્ટ્રીય એકતા, સુરક્ષા અને સલામતી અંગેના પોતાના વિચારો રજુ કર્યા હતા. સમાજમાં એકતા માટે કયા પડકારો છે અને તેનું નિરાકરણ લાવવા શુ શુ કરવું જોઈએ તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં આચાર્ય ડૉ. ઉર્મિલા ચૌધરી, નોડેલ ઓફિસરર ડૉ. એન.કે. પટેલ, સહિત સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# પડતર માંગને લઈ કર્મચારીઓ દ્વારા ઉપવાસ આંદોલન કરાયા

## ગુજરાત યુનિવર્સિટીમાં ઉપવાસ પર ઉતરી ગયેલા ઘણા કર્મચારીઓની પોલીસે અટકાયત કરી : ક્ષણિક તંગદિલી

અમદાવાદ, તા.૧૧

વર્ષોથી પોતાના પડતર રહેલા પ્રશ્નો મુદ્દે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ આજે ઉપવાસ આંદોલન ઉપર ઉતરતા પોલીસે તેમની અટકાયત કરી હતી. આજે વહેલી સવારે જ આ કર્મચારીઓ ગુજરાત યુનિવર્સિટી ઈન્ફર્મેશન સેન્ટર ખાતે ઉપવાસ આંદોલન પર બેઠા હતા. જો કે પોલીસે તેમની અટકાયત કરી આંદોલનને વીખેરી નાખ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષ ૧૯૮૨થી ૨૦૦૯ દરમ્યાન જે તે સમયના કુલપતિએ સરકારની મંજુરી વિના ૧૬૭ કર્મચારીઓની ભરતી કરી હતી. જેને આજદીન સુધી કાયમી કરવામાં આવ્યા નથી. આ ૧૬૭ કર્મચારીઓ પૈકી મોટાભાગના કર્મચારીઓ તો નિવૃત્ત પણ થઈ ગયા છે જ્યારે કેટલાક કર્મચારીઓનું તો અવસાન પણ થયું છે. આમ છતાં યુનિવર્સિટી દ્વારા આ કર્મચારીઓને તેમનાં લાભો આપવામાં આવતા નથી. નિવૃત્ત થતાં કર્મચારીઓને ગ્રેજ્યુએટી અને પેન્શન પણ આપવામાં આવતું નથી. આ સ્થિતિમાં કર્મચારીઓની હાલત કફોડી બની છે. આ અંગે ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ તેમજ યુનિવર્સિટી સમક્ષ કર્મચારીઓએ અનેક વખત રજુઆતો કરી હોવા છતાં તેમના પ્રશ્નોનો ઉકેલ લવાયો નથી જેના પગલે વહીવટી કર્મચારીઓ ગ્રેજ્યુએટી અને પેન્શન સહીતના લાભો આપવાની માંગણી સાથે આજે વહેલી સવારે ગુજરાત યુનિવર્સિટીના ઈન્ફર્મેશન સેન્ટર ખાતે ઉપવાસ પર બેઠા હતા. જેમાંથી ૧૪ જેટલા કર્મચારીઓને આમરણાંત ઉપવાસ કરવાની જાહેરાત કરી હતી. જેમાં ૫ મહિલા અને ૯ પુરૂષ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓ બેનર સાથે ઉપવાસ ઉપર ઉતરી ભારે સુત્રોચ્ચાર કર્યો હતો. જેના પગલે ગુજરાત યુનિવર્સિટીના તંત્ર દ્વારા પોલીસને બોલાવવામાં આવી હતી. પોલીસ દ્વારા ઉપવાસ ઉપર ઉતરેલ કર્મચારીઓની અટકાયત કરીને ઉપવાસ આંદોલનને તોડી નાખવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો જો કે કર્મચારીઓએ પોતાની માંગો ન સંતોષાય ત્યાં સુધી ઉપવાસ આંદોલન ચાલુ રાખવાની ચીમકી આપી હતી.




## માધ્યમિક-ઉચ્ચ માધ્યમિકના શિક્ષકો ફાજલ નહીં જ કરાય

### શિક્ષણ ખાતા દ્વારા મહત્વના નીતિવિષય નિર્ણયથી રાહત

અમદાવાદ, તા.૧૧

રાજ્યની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ ૧૯૯૮ પછી કાર્યરત તમામ શિક્ષકોને હાલમાં ફાજલ નહીં કરવામાં આવે. આ બાબતે શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નીતિવિષયક નિર્ણય જાહેર કરતા શિક્ષકોમાં રાહતની લાગણી પ્રસરી ગઈ છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ પરીપત્રનો તત્કાલ અમલ કરવા માટે રાજ્યના તમામ જિલ્લાઓના શિક્ષણાધિકારીઓને જાણ કરી દેવામાં આવી છે. રાજ્યમાં શિક્ષકોને ફાજલ ન કરવાનો નિર્ણય કરતા ૧૯૯૮ પછી ભરતી થયેલા શિક્ષકોને હાજર થવાની સંભાવનામાંથી મુક્તિ મળથા શિક્ષકોમાં રાહતની લાગણી પ્રસરી જવા પામી છે. ઉલ્લેખનીય છે કે અત્યારે માત્ર અમદાવાદ શહેરની શાળાઓમાં જ ૨૦૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે જ્યારે રાજ્યભરની શાળાઓમાં વર્ષ ૧૯૯૮ પછી હજારોની સંખ્યામાં શિક્ષકોની ભરતી કરવામાં આવી છે ત્યારે હવે આ શિક્ષકોને ફાજલ જાહેર ન કરવાનો નિર્ણય લેવાતા રાજ્યની તમામ ગ્રાન્ટેડ શાળાઓમાં ભરતી થયેલા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને લાભ મળવાપાત્ર થશે.

રાજ્યના શૈક્ષમિક સંઘ દ્વારા સરકાર તેમજ શિક્ષણ વિભાગ સમક્ષ આ મુદ્દે છેલ્લા કેટલાક સમયથી વાટાઘાટો ચાલી રહી હતી અને ઉગ્ર રજુઆતો પણ થઈ હતી. લાંબાગાળાના સંઘર્ષ પછી અસંખ્ય શિક્ષકોની જગ્યાઓ હાલમાં ખાલી પડેલી હોઈને વચગાળાની કામગીરીના ભાગરૂપે શિક્ષણ વિભાગે આ નિર્ણય લીધો છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આકાશને આંબતો માનવ મચ્છરથી ભોંય ભેગો - મલેશિયાનું દરબદર દરદ

**વિચારોનાં મધુવનમાં**
*પ્રા. ડૉ. રાકેશ પટેલ*

એડોલ્ફ જુસ્ટ નામના પ્રકૃતિપ્રેમી અને જ્ઞાની મૂળ જર્મનીના અને તેમનાં પુસ્તકનો અનુવાદ 'રીટર્ન ટુ નેચર' થયો. તેમાંથી સ્વ. ચમનલાલે (પ્રકાશક- શિવામ્બુ ચિકિત્સા સંશોધન મંડળ, વડોદરા - ૧૯૯૯) 'કુદરતમય જીવન' નામે ગુજરાતી અનુવાદ પ્રગટ કર્યો. પુસ્તકના 'ઉપચાર વિશે' નામના પ્રકરણમાં કહ્યું છે : 'કોઈ મોટા ધર્મકાર્યમાં રખાય એટલી ગંભીરતાપૂર્વક લોકો દવાના બાટલા ખરીદવા જાય છે. પછી ભલે એ દવા બનાવનારા અને દવા ચીંધનારા પોતે જ રોગોમાંથી છૂટ્યા ન હોય! એમ છતાં એમની દવા ખાઈને સાજા થવા મથનારા સમજુ ગણાય છે તથા કુદરતી ઉપચાર કરનારાઓને હસી કાઢીને ઉતારી પાડવામાં આવે છે. કુદરતના એટલે કે ઈશ્વરના નિયમોના પાલનને હાંસીપાત્ર લેખાતું એ ખુદ ઈશ્વરને હાંસીપાત્ર લેખવા બરાબર છે. લોકો એ કેમ નથી સમજતા?' આ પુસ્તકથી ગાંધીજી પણ પ્રભાવિત હતા. આગળ જતા તેમણે પણ કુદરતી ઉપચારો અપનાવ્યા.

મૂળ પ્રશ્ન અકુદરતી અને પ્રકૃતિથી વિરૂદ્ધ શૈલીનો છે. આજે ઘણા ઘરોમાંથી અવાજ સંભળાતો થયો છે. 'આજે પાઉંભાજી ખાવા જઈશું', રસ્તામાંથી બટાટાવડા બંધાવતા આવજો ને! 'બહુ દિવસ થયા આજે તો હોટલમાં જઈ આવીએ.' ખરેખર તો ઘણી સારી વાનગીઓ બનાવવાની આપણી પાસે રીત છે, અનુભવ છે. હવે જોઈએ આ બધી કુટેવોથી કેવા ભયંકર પરિણામ મલેશિયા નામનો દેશ ભોગવી રહ્યો છે! જો કે ભારત પણ સંભવીત દેશોની યાદીમાં છે.

બીજા દેશમાં યુદ્ધ થાય, કુદરતી આપત્તિ આવે કે મહામારી આવે તો કેટલાક તો બોલી જાય કે 'આપણા દેશમાં તો એ..ઈ..ય જલસા.' કેટલાક કહે 'આપણે કોઈ માથાકૂટ નહિ. આપણે અને આપણું કામ ભલું.' કેટલાક વળી વિચારે કરે કે 'ભઈ. જરા નજર તો કરો આ કમખાણ છે શેનું? આટલી વિજ્ઞાનની વાતૂડિયું થાય છે તે, બધા કયાં ખોવાઈ ગ્યાં?'

મહાન એવા માનવ નામનાં બુદ્ધિશાળી પ્રાણીને તુચ્છ એવા મચ્છર અને મલેરિયાનો ચેપ લાગવાથી રીતસર ઘુંટડીયે પડવાનો વારો આવ્યો છે. વાત છે મલેરિયાના કાતિલ મચ્છરની. મલેરિયાના જીવાણુઓ મલેશિયા નામનાં દેશના નાગરિકોની પાછળ પડી ગયા છે કે કોઈ રીતે માનતા નથી. માનવનું લોહી તેને ખૂબ માફક આવે છે અને તે ખૂબ જ શીઘ્રતાથી બીજા માનવ સુધી ગતિ કરી જાય છે.

પ્રશ્ન એ છે કોઈ દેશની મુશ્કેલી એ ફરતી ફરતી આપણી આસપાસ પણ કયારેક આવી પણ શકે? હમણાં વર્તમાનપત્રોમાં સમાચારા છપાયાં કે મલેશિયામાં મેલેરિયાનો ભયંકર ત્રાસ ફેલાઈ રહ્યો છે. અજીબોગરીબ હકીકત એવી છે કે આ રોગ પાછળ જંગલોની અતિ કાપણી અને વાનરોના નિવાસસ્થાનનો ભયગ્રસ્ત (**monkey-borne parasite**) રીતે ઘટી ગયા તે બતાવવામાં આવે છે. લોકો પાસે બધું હોવા છતાં આ રોગને કારણે ભયગ્રસ્ત બની ગયા છે.

મચ્છરોને શોધવા અને ઓળખવા જીપીએસ પદ્ધતિનો ઉપયોગ થઈ રહ્યો છે. આખી યોજનાનું નામ 'મંકીબાર' રાખવામાં આવ્યું છે. મૂળ ભારતીય વિજ્ઞાનીએ શોધી કાઢ્યું કે વાનરોથી ફેલાતો આ રોગ ભયંકર રીતે આગળ વધી રહ્યો છે. પી. ફાલ્સીપરમ એ જોખમી રોગ તરીકે નામના મેળવી રહ્યો છે. સંશોધકોનું માનવું છે કે આ રોગ પ્રાણીઓ દ્વારા વધુ ફેલાઈ રહ્યો છે. જંગલોનું નિકંદન એ આ રોગની પાછળનું પરોક્ષ છતાં સૌથી અગત્યનું કારણ છે.

અનેક લોકો સુધી ત્વરાથી આગળ વધતો મલેરિયા અટકાવવો મુશ્કેલ છે. કારણ કે માનવથી માનવને અને મચ્છરથી ફેલાતો આ ચેપી રોગ અતિ આકરો છે. પી.નોલેસી નામના મેલેરિયાના જંતુ-મચ્છરો થકી આગળને આગળ વધતા જાય છે.

મેલેરિયાએ મલેશિયા પર કરેલ આક્રમણ મચ્છરથી થયું છે પણ તે વાત સાચી પણ આ મચ્છર પોતાનું કામ શેઠની જેમ કરવા લાગ્યા હોય તેવું લાગે છે, તે પોતે એક વાર માણસને ચટાકો ભરી લે પછી તેણે કંઈ નહીં કરવાનું. પછી એ ક્રમના બીજો સાદો મચ્છર કોઈને કરડે અને રોગ આગળ વધતો જાય. પરોપજીવી એવા આ પી.નોલેસી *(p.knowlesi)* નામના મલેરિયાનો કાયમી નાશ કેવી રીતે કરવો એ એક પ્રશ્ન છે. કારણ કે તે પશુઓમાં કાયમી નિવાસ કરી જીવતા રહે છે. આ મોટો પડકાર છે. આ મલેરિયા સામનો ૨૦૨૦ સુધી આ મેલેરિયાનો નાશ કરવો એવો મલેશિયા સરકારનો પ્રયત્ન છે.

મેલેરિયા એ એક ગંભીર અને કયારેક જીવલેણ રોગ છે. તે મોટા ભાગે ઉષ્ણકટીબંધીય અથવા થોડા ઓછા ઉષ્ણકટીબંધીય દેશોમાં વિશેષ જોવા મળે છે. ચેપગ્રસ્ત પોતાની લાળમાં આ રોગના જીવાણુનું વહન કરે છે.

મેલેરિયાના જીવાણુઓ પરોપજીવી છે એ એની શક્તિ છે. તે પણ એક સૂક્ષ્મ સજીવ છે જે પ્લાઝમોડિયમ તરીકે ઓળખાય છે. આ પ્લાઝમોડિયમ પ્રોટોઝમ નામના સજીવ સમૂહ સાથે જોડાયેલ છે. (ચાર પ્રકારના પ્લાઝમોડિયમ છે. *p. falciparam, p. vivax, p. ovale and p. malariae.)* એનોફિલસ નામનો મચ્છર મેલેરિયાને ફેલાવે છે.

જયારે ચેપી મચ્છર વ્યક્તિને કરડે છે અને લોહીના પ્રવાહમાં તેનો ચેપ ભળે છે. આ રીતે તે રક્તકણો પર આક્રમણ કરી દે છે. આ રોગના જીવાણુઓ બહુવિધ રીતે વધતા જાય છે જાણે કે વિસ્ફોટની સ્થિતિ. આવા વ્યક્તિને મેલેરિયા લાગી જાય છે. આ રીતે ચેપ લાગતા જ ૪૮ કલાકમાં મેલેરિયા થઈ જાય છે. આ સમય દરમિયાન તે ચેપગ્રસ્ત વ્યક્તિને મચ્છર કરડે તો તે પણ મેલેરિયાને ફેલાવવા માટે સક્ષમ બની જાય છે.

મેલેરિયા ૧૦૦ દેશમાં ૪૦% લોકોને અસર કરી જોખમ ઊભું કરી શકે છે. મધ્ય અને દક્ષિણ અમેરિકા, હૈતિ, આફ્રિકા, મિડલ ઈસ્ટ, ભારત, પૂર્વ દક્ષિણી એશિયા અને ઓસેનિયા મેલેરિયાનું જોખમ ધરાવતા દેશો છે. મલેશિયામાં મેલેરિયાને દૂર કરવા ૧૦૦ ઉપરાંત વર્ષોથી પ્રયત્નો ચાલુ છે. ૨૦૨૦ સુધીમાં આ રોગને સંપૂર્ણ દૂર કરવાના અણસાર દેખાઈ રહ્યા છે. મલેશિયાની સરકારે ખૂબ ઊંચેથી મચ્છરોની તસ્વીરો મેળવવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા. યુ.કે.ના વૈજ્ઞાનિકોએ ૨૦૧૩માં વિશેષ પ્રકારના મચ્છરને શોધી કાઢ્યો. વૃક્ષોનું નિકંદન એ મલેરિયાના ફેલાવાનું સૌથી સશક્ત માધ્યમ બની રહ્યું છે.

મેલેરિયાથી બચવાના કેટલાક ઉપાયોમાં - વિદેશની મુસાફરી સમયે વધુ સજાગ રહેવાયું છે. મચ્છરથી સાવધાન રહેવું જરૂરી છે. જે તે વિસ્તારની જરૂરિયાત પ્રમાણેની દવાઓ પણ તમારી પાસે હોવી જરૂરી છે. મેલેરિયાની સાવચેતી પૂર્વકની અગાઉથી તપાસ કરાવવાથી તેનાથી બચી શકાય છે. જરૂરી રસીકરણ લેવું જોઈએ. જે તે વિસ્તારની પૂરી માહિતી મેળવી લેવી જરૂરી છે. ઉપપાંત ડોકટરની સૂચના મુજબ **Atovaquone & proguanil, Lariam & Doxycycline anti-malarials** દવાઓ લેવાનું સૂચન કરાયું છે.